P
G
V
C
L

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૩/૧૧૯

તારીખ:૧૮/૧૨/૨૦૨૩

રજી.એ.ડી. દ્વારા

પ્રતિ

રોહીણી પૃથ્વીરાજ કોટ્ક વતી તેમના અધિકૃત
અનિરૂધ્ધ વનરાજ કોટક
૧, કોટક નગર , નવાવાસ- માધાપર
મોબાઇલ નંબર ૯૫૫૮૧૦૯૭૬૩

વિષય:- માલીકીના પ્લોટ માંથી વીજ પોલ હટાવવા બાબત
સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી૩/૦૦૩/૨૦૨૩-૨૪

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભુજ
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિમયો. જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુક્મના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરી ને અચુક મોક્લી આપવા વિનતી

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, માધાપર

ગ્રાહકફરીયાદનિવારણફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજકંપનીલી.
પાવરહાઉસકમ્પાઉન્ડ, જી.કે.જનરલહોસ્પિટલસામે, ભુજ
ફોનનંબર૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્ષ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email - forumbhuj.pgvcl@gebmail.com.
કેસી/સીજીઆરએફ/૨૦૨૩ તા. / /૨૦૨૩

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG003-003-2023-24

રોહિણી પૃથ્વીરાજ કોટક વતી તેમના અધિકુત અનિરુધ્ધ વનરાજ કોટક
ગામ:- માધાપર ,તા.ભુજ જી:-કચ્છ...............અરજદાર.

વિરુધ્ધ

કાર્યપાલકઈજનેરશ્રી,
પીજીવીસીએલવિભાગીયકચેરી, ભુજ-કચ્છ...........સામાવાળા.

બાબત:- પોલ હટાવવા બાબત

*અરજદારતરફે:- અનિરુધ્ધ વનરાજ કોટક*
*સામેવાળાનાતરફે:-બી.ડી.મે (કાર્યપાલક ઈજનેર)*
*પીજીવીસીએલ ભુજ વિભાગીય કચેરી*

કોરમ:
(૧) એન.સી.મકવાણા - ચેરપર્સન
(૨) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર
(૩) એ.એસ.ચૌધરી - મેમ્બર (ટેક)
સુનાવણીસ્થળ:-પીજીવીસીએલવર્તુળકચેરી, અંજાર
તા.: ૨૧/૧૧/૨૦૨૩

નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

# ઠરાવ

આ કામના અરજદારની રજૂઆત એવી છે કે (૧) અમો અરજદારની માલિકીનો રહેઠાણનો બિનખેતી પ્લોટ નં.-૧ સર્વે નં.૧૪ ગામ માધાપર મધ્યે છે.

(૨) સદર પ્લોટમાં પીજીવીસીએલ કંપનીનો પોલ આવેલ છે,અને સદરહુ પોલ આજુબાજુના સાર્વજનિક / ખરાબાની જગ્યા પર થી ખસેડી અમારા પ્લોટમાં નાખવામાં આવેલ છે, જે યોગ્ય નથી.અને આ પ્લોટમાં અમને બાઉન્ડ્રી બનાવવાની હોઈ અને સદરહુ પ્લોટ નડતરરૂપ છે તે હટાવવા પીજીવીસીએલ ની માધાપર કચેરીએ વારંવાર રજૂઆત કરતા દાદ મળેલ નથી.

(૩) પીજીવીસીએલ તરફથી સદરહુ પોલ હટાવવાના ૩/૧૦/૨૦૨૩ ના રોજ રૂ.૬૫૧૨/-નો કોલ ભરપાઈ કરવા જણાવેલ છે આ બાબતે અગાઉ એમણે એમના તરફથી કાઈપણ જાતનો કોલ નહી ભરવો પડે એમ જણાવેલ આમ ખોટી રીતે કોલ ઇસ્યુ કરાતા તે કયા નિયમના આધારે ઇસ્યુ કરવામાં આવેલ છે તે બાબતે ઉત્તર ન મળતા ફોરમ સમક્ષ દાદ માંગેલ છે.

(૪) આથી સદરહુ કોલ ભરવાપાત્ર ન હોઈ એવું હુકમ કરવા વિનંતી. વધુમાં અરજદાર દ્વારા તારીખ ૨૧/૧૧/૨૩ ની મીટીંગમાં વધુમાં નીચે મુજબની રજૂઆત થયેલ છે.

(૧) માધાપર સર્વે નંબર ૧૪ પ્લોટ નંબર ૧ એ ખાનગી માલિકીની જગ્યા છે અને સદરહુ જગ્યા પર પોલ નાખવા (માલિકની અથવા ગ્રામ પંચાયતની NOC લેવામાં આવેલ નથી)

(૨) પીજીવીસીએલ દ્વારા સર્વે નંબર ૧૪માં વીજપોલ અને DP નાખવામાં આવેલ છે બધા પોલ રસ્તા પર અને ખરાબાની જમીન પર છે.માત્ર એક પોલ અમારી માલિકીની જમીનમાં આવેલ છે.

(૩) સર્વે નંબર ૧૪ વાળી જમીન NA થયા બાદ પાછળ થી આ વીજપોલ સાર્વજનિક/ખરાબાની જમીનમાંથી ખસેડી અમારા પ્લોટ પર વર્ષ ૨૦૨૧/૨૨માં શીફ્ટ કરવામાં આવેલ છે.

(૪)પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાણીનો ટાંકો બનાવેલ ક્યારે આ વીજપોલ ખસેડી અમારી માલિકીના પ્લોટમાં નાખવામાં આવેલ છે (નકલ રજુ કરેલ છે)

(૫)માધાપર ગ્રામ પંચાયત કચેરી દ્વારા પીજીવીસીએલને આ પોલ દૂર કરવા તેમજ માલિકીની જગ્યા પર આ પોલ આવેલ છે એમની જાણ કરેલ છે(નકલ રજુ કરેલ છે)

(૬)ઉપરોક્ત સર્વે નંબરમાં બધા પ્લોટ એક લાઈનમાં આવેલ છે જયારે પાછળથી હટાવવામાં આવેલ પોલ દિશા અલગ છે.(ફોટો રજુ કરેલ છે)

(૭)અમો દ્વારા તા.૧૮/૧૦/૨૦૨૩ ની અરજી થી પીજીવીસીએલ પાસેથી આ વીજપોલ કયા વર્ષમાં લગાવવામાં આવેલ છે તેમજ તેમના નકશા સાથેની માહિતી માંગેલ છે જે આજદીન સુધી પીજીવીસીએલ દ્વારા પૂરી પાડવામાં આવેલ નથી.

(૮)હું આ સાથે એફીડેવીટ કરવા તૈયાર છું કે પીજીવીસીએલ ના નાયબ ઈજનેર દ્વારા મને ટેલીફોનીક કહેવામાં આવેલ કે અરજી કરો તો થાંભલો હટી જશે કોલ ભરવાનો નહી આવે મારા પર વિશ્વાસ કરો.

(૯)પીજીવીસીએલ ના નાયબ ઈજનેર દ્વારા ઉપર મુજબ કોલ નહી કરવાની એફીડેવીટ કરવામાં આવે તો હું ૬૫૦૦/-ની જગ્યા એ રૂ.૧૩૦૦૦/-ભરવા તૈયાર છું.

(૧૦)અમારા સર્વે નંબર આજુબાજુની વાળી વર્ષો જૂની છે તેના કનેક્શન ક્યારે આવ્યા તે અમારી જમીન પરના થાંભલાને આ બાબતે કોઈ નિસ્બત નથી.

(૧૧)પીજીવીસીએલ માલિકીની જગ્યા પર લગાવેલ વીજપોલ હટાવવા કન્ટીજન્સી ફંડનો ઉપયોગ કરી શકે છે તેમની જગ્યાએ ભારી રકમનો કોલ આપી હેરાન કરવામાં આવે છે તે યોગ્ય નથી.

**બીજી તરફ પીજીવીસીએલની રજૂઆત નીચે મુજબ છે.**

(૧)અરજદાર દ્વારા વીજપોલ હટાવવાની અરજી આવતા SR No.16655202 નોંધણી ચાર્જ રૂ.૧૧૮/- અને કોલ રૂ.૬૫૧૨/- આપવામાં આવેલ.

(૨)સદરહુ જગ્યા ગ્રામ પંચાયતના પાણીના ટાંકા પાવેલ છે. અરજદાર દ્વારા અરજી મુજબ પોલ શીફ્ટ કરવા માટેનું અંતર ૧૫ મીટર જેટલું છે. સદર પોલ માધવબાગ એજી ફીડર નો છે. પોલ પર પૂર્વ દિશામાં ૮ પોલ દુર ટ્રાન્સફોર્મર સેન્ટર આવેલું છે. જેના પર એક એજી કનેક્શન આવેલ છે તેમની કનેક્શન તારીખ ૦૧/૦૭/૭૨ છે અને પોલની પશ્ચિમ દિશામાં ૯ પોલ ઉપર ટ્રાન્સફોર્મર સેન્ટર આવેલું છે.તેના પર બે એજી કનેક્શન વર્ષ ૧૯૮૨ માં આપવામાં આવેલ છે.

અરજદાર દ્વારા સર્વે નંબર ૧૪ વાળી બિનખેતી જમીનનો દસ્તાવેજ ૧/૭/૨૦૨૩ થી થયેલ છે અને દસ્તાવેજની નોંધ મુજબ સદર સર્વે નંબર ૧૯૯૫ માં બિનખેતી થયેલ છે.

આમ, સદર વીજપોલ અરજદાર દ્વારા સદર જમીન ખરીદયા પહેલાથી હયાત છે એટલું જ નહી સર્વે નંબર ૧૪ બિનખેતી થયા પહેલાથી હયાત છે.

- ખાનગી/સરકારી સ્કુલ જમીનમાંથી વીજ લાઈન ખસેડવા માટેનો પરિપત્ર નંબર OM/SE/Circular/3224/ date 21.12.2004 (આ સાથે સામેલ છે) તેનો ખર્ચ સ્કુલે ભોગવવાનો રહેશે તે મુજબ પ્લોટ ધારક માટે પણ તેમણે ભોગવવાનો રહે છે.
- નેશનલ હાઇવે ઓથોરીટી ઓફ ઇન્ડિયા જે કેન્દ્ર સરકારનું સાહસ છે તે જ્યારે કોઈ લાઈન ખસેડવા માટે અરજી કરે ત્યારે ખર્ચ તે ભોગવે છે.વધુમાં તા.૨૧/૧૧/૨૩ ની મીટીંગમાં અરજદાર દ્વારા વિવિધ રજુ થયેલ મુદ્દાનો વિગતવાર જવાબ નીચે મુજબ છે.

(૧) સ્થળ પર પ્લોટનું કોઈ માર્કિંગ થયેલ નથી પ્લોટની ઉત્તર અને પશ્ચિમ દિશામાં સાર્વજનિક તેમજ ખરાબાની જગ્યા છે પોળનું અંતર પંચાયત ના અન્ડર ગ્રાઉન્ડ ટાંકાથી ૫ મીટર અને ઓવર હેડ ટાંકા થી ૧૫ મીટર છે.

આ વીજ પોલ ક્યારે ખસેડવામાં આવેલ નથી અને આ પ્લોટના અગાઉના ધારક વિશ્રામ અરજણ વાગડિયા દ્વારા આ બાબતે કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી

અરજદારની અન્ય રજુઆતો કરી નથી અને અરજદારના અન્ય મુદ્દાઓ રાગદ્વેષ યુક્ત છે.

પીજીવીસીએલ દ્વારા પોલ હટાવવાનું આવેલ અંદાજપત્ર નિયમ મુજબ છે.

**ફોરમ નુ તારણ**

બન્ને પક્ષકારો ની રજુઆત જોતા સદરહુ ફરિયાદ પીજીવીસીએલ દ્વારા સદરહુ અરજદાર ને પોલ હટાવવા નો અપાયેલ ભાવપત્રક થી ઉદભવ થયેલ છે પીજીવીસીએલ દ્વારા થયેલ રજુઆત મુજબ અને સદરહુ અરજદારે ખરીદેલ સદરહુ પ્લોટ નો દસ્તાવેજ નો અભ્યાસ કરતા સદરહુ પ્લોટ અરજદારે તારીખ ૦૧/૦૭/૨૦૨૩ નો ખરીદેલ છે અને અરજદારની રજુઆત મુજબ સદરહુ જમીન એન.એ. થયા બાદ સદરહુ પોલ એમના પ્લોટ માં લગાડવામાં આવેલ છે પંરતુ પીજીવીસીએલ દ્વારા ઉપરોકત પોલ ખસેડવા બાબતે અગાઉ ના માલીક દ્વારા ક્યારે અરજી આવેલ ન હોવાનુ જણાવેલ છે તદઉપરાંત

પીજીવીસીએલ ની રજુઆત મુજબ સદર પોલ ૧૫ મીટર જેટલુ હટાવવાનુ થાય છે અને ત્યાથી ૮ પોલ પર જે ટ્રાંન્સફોર્મર આવેલ પર જે ખેતીવાડી ના કનેક્શન આવેલ છે તે અનુક્રમે વર્ષ ૧૯૮૨ માં આપવામાં આવેલ છે , આમ બન્ને પક્ષકારોની રજુઆત જોતા ઉપરોક્ત કેસ માં કોઇ જગ્યા પર થી પોલ હટાવવા નુ ખર્ચ સંબધીત અરજદારે ભોગવવાનુ હોય છે એવી પીજીવીસીએલ ની રજુઆત ગ્રાય રાખી શકાય એવુ અત્રેની ફોરમ નુ માનવુ છે.

-: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

ઉપરોકત કેસમાં ફરિયાદીની અપાયેલ રુ ૬૫૧૨/-નુ પોલ હટાવવાનુ ભાવપત્રક નિયમ મુજબ અને ભરવા પાત્ર છે .

- ફરિયાદી ની અરજી નામંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી
- આ હુકમ આજ રોજ તા.૨૧/૧૧/૨૦૨૩ ના રોજ જાહેર કર્યો .

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(એ.એસ. ચૌધરી)
મેમ્બર ટેક

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ.

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- 30માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં.૦૨/૨૦૧૯ ની કલમ 3.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ 3.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું : જીલ્લા સેવા સદન -3,ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -3૬0001, ફોન નં.0૨૮૧-૨૯૯૪૧૨૫